# બનાસકાંઠા જિલ્લામાં કોરોના વધુ ૪ કેસ

## પોઝીટીવ આવતા કુલ-૬ કેસ પોઝીટીવ થયા : કલેકટરશ્રી સંદીપ સાગલે : જિલ્લામાંથી લીધેલા ૨૦૨ સેમ્પલમાંથી ૧૮૫ રિપોર્ટ નેગેટીવ આવ્યા : ૧૧ના રિપોર્ટ પેન્ડીંગ



પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના સંક્રમિત વધુ ૪ કેસ પોઝીટીવ આવતા કુલ-૬ કેસ કોરોના પોઝીટીવ નોંધાયા છે તેમ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી સંદીપ સાગલેએ જણાવ્યું છે. તેમણે કહ્યું કે જિલ્લામાંથી કુલ-૨૦૨ શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેમાંથી ૧૮૫ લોકોના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે અને ૧૧ ના રિપોર્ટ આવવાના પેન્ડીંગ છે. કલેકટરશ્રીએ જણાવ્યું કે સૌપ્રથમ વાવના મીઠાવીચારણ ગામે ૫ વર્ષના બાળક અને પાલનપુર તાલુકાના ગઠામણ ગામે એક વ્યકિતનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો હતો. તેમના સંપર્કમાં આવેલા તમામ વ્યક્તિઓ અને હાઈરીસ્કના વ્યક્તિઓની સેમ્પલ ટેસ્ટીંગ કરવામાં આવતા વધુ ૪ વ્યક્તિઓના કેસ પોઝીટીવ આવ્યા છે. ગઠામણ ગામમાં પોઝીટીવ આવેલા વ્યક્તિના પરિવારમાંથી તેમના પત્ની અને ૨ બાળકોને કોરોના પોઝીટીવ રિપોર્ટ આવ્યા છે. વાવ તાલુકાના મીઠાવીચારણ ગામનું બાળક સુરતથી સ્કોરપીયો ગાડીમાં આવ્યું હતું તે બાળકના સંપર્કમાં આવેલા ગાડીના ડ્રાયવરનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો છે.

કલેકટરશ્રીએ કહ્યું કે, મીઠાવીચારણ અને ગઠામણ ગામને કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ૩ થી ૮ કિ.મી. ની અંદર લોકોની અવર-જવર પર પ્રતિબંધ મુકાયો છે. એડીશનલ ૫ કિ.મી. ને બફર ઝોન તરીકે પણ જાહેર કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં જીવનજરૂરીયાતની વસ્તુઓ લોકોને હોમ ડીલીવરીથી પુરી પાડવામાં આવશે. તેમણે કહ્યું કે લોકોની સલામતિ માટે તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે અને જે વિસ્તારમાં કેસ નથી નોંધાયા ત્યાં પણ તકેદારી રાખવી ખુબ આવશ્યક છે. ભવિષ્યની સુરક્ષા માટે અત્યારના સમયમાં બિનજરૂરી બહાર ન નીકળવા કલેકટરશ્રીએ લોકોને અપીલ કરતાં જણાવ્યું કે અત્યારના સમયમાં ઘર રહો... સ્વસ્થ રહો.....અને સુરક્ષિત રહો....

## જિલ્લામાં કોરોના મહામારી સમયે બનાસ મેડિકલ કોલેજ લોકસેવામાં ખડેપગે

દેશ અને રાજ્યમાં કોરોના વાયરસ નો કહેર છે. ત્યારે જિલ્લા માટે આશીર્વાદરૂપ બની છે બનાસ મેડીકલ કોલેજ. સિવિલ હોસ્પિટલ ના સ્ટાફ સાથે બનાસ મેડીકલ કોલેજ નો તમામ સ્ટાફ કોરોના વાયરસ વધુ ન ફેલાય તે માટે કામગીરી કરી રહ્યો છે. જિલ્લામાં આરોગ્ય તંત્ર ની સાથે સંકલન માં રહી કોરોના ને કઈ રીતે મહાત કરી શકાય તે માટે બનાસ મેડીકલ કોલેજ કામ કરી રહી છે. જિલ્લામાં કોરોના વાયરસ નું સંક્રમણ વધુ ન વધે તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા બનાસ મેડીકલ કોલેજ ના સ્ટાફ ને ફિલ્ડમાંથી કોરોના વાયરસના સેમ્પલ લેવાનું કામ મળતા બનાસ મેડીકલ કોલેજ દ્વારા ૮૬ લોકોના રેન્ડમલી સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી પાલનપુર ના ગઠામણ ગામના વ્યક્તિનો કેસ કોરોના પોઝીટીવ આવ્યો છે. કોરોના મહામારી વચ્ચે બનાસ મેડીકલ કોલેજ જિલ્લામાં કોરોના સંક્રમણ વધુ ન વકરે તે માટે કામગીરી કરી રહી છે.



હાલની કોરોનાની વૈશ્વિક મહામારીની વિકટ પરિસ્થિતિનો સામનો કરી તેનાથી બચવા માટે કલેકટરશ્રી સંદીપ સાંગલે સાહેબ, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી ડો. ભરતભાઈ મિસ્ત્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષભાઈ ફેન્સી, કોમ્યુનિટી હેલ્થ ઓફિસરશ્રી ડો. ગર્ગ, આરએમઓ ડો. રેખાબેન કેલા તથા બનાસ મેડિકલ કોલેજના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડો. સુનીલ જોશી અને કોરોના નોડલ ઓફિસર ઝ્ર્ફૈંઙ ૧૯ ડો. શ્રીવાસ્તવ અને તેમની ટીમના માર્ગદર્શન હેઠળ બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલનો તમામ સ્ટાફ પૂરા ખંતથી કામ કરી રહ્યો છે.



સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં સ્ટેટ બેંકમાં સોશ્યલ ડિસ્ટન્સના અભાવ જોવા મળ્યો હતો.

## સાબરકાંઠા જિલ્લા માટે રાહતના સમાચાર કોરોનાના પ્રથમ દર્દીનો રીપોર્ટ નેગેટીવ

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના સંકર્મણને અટકાવવામાં વહિવટીતંત્ર અને આરોગ્ય તંત્ર સતત સતર્ક અને કાર્યશીલ છે. વહિવટી તંત્ર દ્વારા જિલ્લામાં સઘન તપાસ અને સ્વચ્છતાની જાળવણી ઉપર ખાસ ભાર મુકવામાં આવી રહ્યો છે. વહિવટીતંત્રની આ મહેનત રંગ લાવી રહી છે. સાબરકાંઠા જિલ્લામાં ૭ એપ્રિલના રોજ એક દર્દી કોરોના પોઝીટીવ આવ્યો હતો જેનો એક અઠવાડિયા બાદનો કોરોના રીપોર્ટ નેગેટીવ આવ્યો છે.

## ધાનેરામાં લોકડાઉનમાં પાન મસાલા ગુટકાનો માલ વેચાણ કરતા વેપારીઓ

### ૧૩૦ રૂપિયાનું પેકેટ ૩૫૦ થી ૪૦૦માં વેચાઈ રહ્યું છે

હાલ આખા વિશ્વમાં કોરોના ની મહામારી ચાલુ છે પ્રશાસન યુદ્ધના ધોરણે કામ કરી રહી છે લોકડાઉન માં હાલ સંપૂર્ણ ભારત બંધ છે ધાનેરા મા પણ લોક ડાઉન ચાલુ છે આવા સમયે દરેક વસ્તુ ની ખેંચ થવા પામી છે તેથી અમુક વેપારીઓ મોટી કિંમત માં માલ સપ્લાય કરી રહ્યા છે આ બાબતે ધાનેરા માં અમુક અધિકારીઓ ની મીલીભગત જોવા મળી રહી છે? હાલની તારીખમાં પાન મસાલા ગુટકાના પેકેટો મોટી કિંમતમાં વેચાઈ રહ્યા છે નાના વેપારીઓ પાંચ રૂપિયા ની પડીકી ના ૨૫ રૂપિયા જયારે મોટા વેપારીઓ ૧૩૦ રૂપિયાના સાડા ત્રણસોથી ચારસો માં વેચી રહ્યા છે આ બાબતની જાણ મોટા વેપારીઓ અધિકારીની સાંઠગાંઠ માં રહીને કામ કરી રહ્યા છે? તેવુ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે ધાનેરામાં અનેક વેપારીઓ ના મોટા ગોડાઉનો આવેલા છે અને રહેણાંક મકાનમાં મોટા પ્રમાણમાં ગુટકાના જથ્થો પણ હોઈ શકે છે? આવા મોટા વેપારીઓની તપાસ કરવામાં આવે તો મોટો જથ્થો જોવા મળી શકે તેમ છે તો આવા ખુલ્લેઆમ વેચાતો ગુટકા નો માલ મોટી કિંમત માં વેચી રહ્યા છે તો શું ધાનેરાના અધિકારીઓની મીલીભગત ન હોઈ શકે? તે લોકોમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે આ બાબતે તટસ્થ રીતે કલેકટરશ્રી તપાસ કરી આવા બ્લેકમા વેચતા વેપારીઓ ના ત્યાં દરોડા પાડવામાં આવે તો મોટો જથ્થો મળી શકે તેમ છે પરંતુ હાલ તો કયા અધિકારીઓની મહેરબાનીથી ચાલે છે જે લોક મુખે ચર્ચાઇ રહ્યું છે.



### મોડાસામા સફાઈકર્મીઓનુ સન્માન

મોડાસામા મોહદીષે આઝમ મિશન બાંચ દ્વારા કોરોનાની મહામારીના સંકટ વચ્ચે મોડાસાનગરના લધુમતી વિસ્તાર સફાઈ કામ કરતા મોડાસાનગર પાલિકાના સફાઈકર્મીઓનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યુ હતુ. સાથે મિશન દ્વારા આરોગય લક્ષીકીટનું વિતરણ કરવામા આવ્યુ હતુ.

## મોડાસામાં ખેડૂતે પાંચ બાળકો સાથે શ્રમિક પરિવારને તરછોડતા તંત્ર અને ગોગા ફાઉન્ડેશન મદદે પહોંચ્યું

મોડાસા, તા. ૧૬

લોકડાઉનની સ્થિતિમાં સૌથી વધુ શ્રમિકો અને ગરીબો કફોડી સ્થિતિમાં મુકાયા છે. સમગ્ર દેશમાં લોકડાઉન લંબાવાતા હવે મજૂર અને પરપ્રાંતીય વર્ગ અકળાઈ ઉઠ્યો છે. ખેત મજૂરી કરી જીવનિર્વાહ ચલાવતા પંચમહાલ અને અન્ય જીલ્લામાંથી આવેલા શ્રમિકોને અરવલ્લી જીલ્લામાં કેટલાક ખેડૂતોએ તરછોડતા તેમના વતન તરફ વાટ ભણી રવાના થયા હતા ત્યારે મોડાસા નજીક એક ખેડૂતે થોડા દિવસ અગાઉ તેના ખેતરમાં રહેતા શ્રમિક પરિવારને ૫ બાળકો સાથે કાઢી મુકતા દયનિય હાલતમાં મુકાયેલ શ્રમિક પરિવારે મોડાસા રેલવે સ્ટેશનની નજીક ઝાડી-ઝાંખરામાં આશરો લીધો હતો. આ અંગે યુવકોને જાણ થતા તેમને ગોગા ફાઉન્ડેશનના સદસ્યોનો સંપર્ક કરતા તાબડતોડ શ્રમિક પરિવારને મદદે પહોંચી વહીવટીતંત્રને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી શ્રમિક પતિ-પત્ની અને ૫ બાળકોની આરોગ્ય તપાસ હાથ ધરી શેલ્ટર હોમમાં રાખવા તજવીજ હાથ ધરી હતી.

મોડાસા રેલવે સ્ટેશન વિસ્તારમાં ત્રણ-ચાર દિવસથી ધોમધખતા તાપમાં ઝાડી-ઝાંખરામાં ખેડૂતે તરછોડી દેતા શ્રમિક પરિવારે ૫ નાના બાળકો સાથે આશરો લેવા મજબુર બન્યો હતો. શ્રમિક પરિવાર અને તેના બાળકોને આજુબાજુના રહેણાંક વિસ્તારનો લોકો ખાવાનું પૂરું પાડતા હતા. રેલવે સ્ટેશન વિસ્તારમાં અસામાજિક તત્વોની અવર-જ્વરના પગલે ગરીબ પરિવાર ગમે તે ઘડીએ આફતમાં મુકવાનો ભય પેદા થતા જાગૃત યુવકોએ મોડાસા શહેરમાં લોકડાઉનમાં જરૂરિયાતમંદ લોકોની જઠરાગ્નિ ઠારતા ગોગા ફાઉન્ડેશનને જાણ કરતા ગોગા ફાઉન્ડેશનના જિનેશ પટેલ, નીતિન પંડ્યા અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી શ્રમિક પરિવારને હૈયાધારણા આપી તંત્રને જાણ કરતા મામલતદાર અરુણ ગઢવી, નાયબ મામલતદાર શર્મા સહીત અધિકારીઓ અને પોલીસતંત્ર ઘટનાસ્થળે પહોંચી શ્રમિક પરિવાર અને બાળકોની આરોગ્ય ચકાસણી અને સ્ક્રીનિંગની કામગીરી હાથ ધરી શેલ્ટર હોમમાં ખસેડવા તજવીજ હાથ ધરી હતી.



## કોરોનાને લઈ વાવ તાલુકાના માવસરી ગામને કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરાયો

### આ વિસ્તારમાં અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો : માવસરી ગામની ૮ કી.મી. ત્રિજયામાં બફર એરીયામાં આવતા આકોલી, કુંડાળીયા, બરડવી, જોરડીયાલી, તખતપુરા, રાધાનેસડા ગામોની હદને સીલ કરાઇ : બફર એરીયાના ગામોમાં આવશ્યક સેવાઓના અવર-જવર માટે માત્ર એક જ માર્ગ ખુલ્લો રહેશે : આવશ્યક ચીજવસ્તુ માટે ગામની અંદર માત્ર સવારે ૮ થી ૧૧ સુધી મુક્તિ : જેમાં સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

પાલનપુર

હાલમાં નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કુલ-૧૦,૦૦૦થી વધારે કેસો નોંધાયા છે. જે પરિસ્થિતિને ધ્યાને લેતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,ગાંધીનગરના તા.૧૩/૦૩/૨૦૨૦ના જાહેરનામાથી ધી એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ અન્વયે ધ ગુજરાત એપેડેમીક ડીસીઝ એકટ કોવિડ-૧૯ રેગ્યુલેશન-૨૦૨૦ જાહેર કરેલ છે. ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૧૪/૪/૨૦૨૦થી સમગ્ર રાજયમાં વધુ ૧૯ દિવસ માટે એટલે કે તા.૧૫/૪/૨૦૨૦ ના ૦૦.૦૦ કલાક થી તા.૦૩/૦૫/૨૦૨૦ના ૨૪.૦૦ કલાક સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ બંધ રાખવા જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે. મિશન ડાયરેકટરશ્રી, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન તા.૦૬/૦૪/૨૦૧૦ ના પત્રથી કોરોના પોઝીટીવ કેસ નોંધાયેલા હોય તે સુચિત વિસ્તાર નકકી કરવા ગાઈડલાઈન નકકી કરવામાં આવેલ છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ હાલમાં મોજે. માવસરી, તા. વાવ, જિ. બનાસકાંઠાના વિસ્તારમાં બે વ્યકિતઓને કોરોના પોઝીટીવ કેસ પ્રકાશમાં આવેલ છે. આ વાયરસના ઝડપી સંકમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે લોકોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાની જરૂર જણાય છે.

શ્રી સંદિપ સાગલે, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા, પાલનપુરને ગુજરાત નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા કલમ-૩૪ તેમજ ધી એપેડમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ની કલમ–૨ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે.

નીચે જણાવેલ વિસ્તારને કોવિડ-૧૯ કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવે છે. કોવીડ–૨૦૧૯નો મોજે.માવસરી, તા.વાવ, જિ. બનાસકાંઠાના ગ્રામ પંચાયતનો તમામ રહેણાંક વિસ્તાર તેમજ મહેસુલી વિસ્તાર. આ વિસ્તારમાં તમામ પ્રકારની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વિ. આવશ્યક ચીજવસ્તુઓ તંત્ર દ્વારા હોમ ડીલીવરીથી તેમના ઘેર પુરી પાડવામાં આવશે.

મોજે. માવસરી, તા. વાવ, જિ. બનાસકાંઠાના ગામની ૮ કી.મી. ત્રિજયામાં એટલે કે, બફર એરીયામાં આવતા આકોલી, કુંડાળીયા, બરડવી, જોરડીયાલી, તખતપુરા, રાધાનેસડા ગામોની હદને સીલ કરવામાં આવે છે. તેમજ બફર એરીયાના ગામોમાં આવશ્યક સેવાઓના પુરવઠા સંબંધિત અવર-જવર માટે માત્ર એક જ માર્ગ ખુલ્લો રાખવાનો રહેશે. આવશ્યક ચીજ વસ્તુની ખરીદી માટે ગામની હદની અંદર માત્ર સવારે ૮.૦૦ કલાકે થી ૧૧.૦૦ કલાક સુધી મુકિત આપવામાં આવે છે, જેમાં સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સમયગાળામાં દરમ્યાન દ્વિ ચક્રીય વાહન પર એક વ્યકિત થી વધુ અને ત્રણ ચાર ચક્રિય વાહનમાં બે વ્યકિત થી વધુ પ્રવાસ કરી શકશે નહી.

ઉપર જણાવેલ વિસ્તાર માટે નીચે મુજબનો અપવાદ લાગુ પડશે.

(૧) સરકારી ફરજ ઉપરની વ્યકિતઓ તથા તેના વાહનો (સરકારી અને ખાનગી સહિત)

(૨) આ વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો.

(૩) આવશ્યક ચીજવસ્તુનું વેચાણ/વિતરણ કરતાં તંત્ર દ્વારા આપવામાં આવેલ પાસ ધારકો.

આ જાહેરનામું તા.૧૬/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી દિન-૧૮ (બંને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકાકશ્રીના દરજજાથી હેડ કોન્સ્ટબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાના ભંગ કરનાર ઈસમો સામે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૫૮ તથા ભારતીય દંડ સંહિતા સને ૧૮૬૦ ની ક. ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

### પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે સેનિટાઇઝર મશીન મુકાયુ

હાલ કોરોનાને લઈને દેશ સહિત વિદેશોમાં મહામારી ફેલાઇ છે ત્યારે કોરોનાથી બચવા માટે સંક્રમણ નિયતંણ કરવામાં માટે ભારત સરકાર દ્વારા ત્રીજી મે સુધી દેશમા લોકડાઉન કરવામાં આવ્યું છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન બહાર પ્રવેશ દ્વાર ઉપર સેનિટાઇઝર મશીન ઉભુ કરવામાં આવ્યું છે, જેથી પોલીસ સ્ટેશનમાં આવતા જતા પોલીસ જવાનો તથા અરજદારો સેનિટાઇઝર મશીનમાં થઇને અંદર પ્રવેશ કરે છે અને સેનિટાઇઝર થઇને પોલીસ સ્ટેશનમાં પ્રવેશ કરે છે ત્યારે પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત દ્વારા આ સેનિટાઇઝર મશીનની વ્યવસ્થા કરવામાં આવતા અરજદારો તથા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ જવાનોમા ખુશી જોવા મળી હતી.

## પ્રાંતિજ પોલીસની નિષ્ઠાપૂર્વક કામગીરી

### જિલ્લા ફેર અવર જવર કરતા કર્મચારીઓને પણ અટકાવ્યા

પ્રાંતિજ, તા. ૧૬

દેશ સહિત વિદેશોમાં હાલ કોરોનાને લઈને હાહાકાર મચી ગયો છે. ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા સ્પસ્ટ સુચના કરવામાં આવી છે કે કોઈપણ વ્યક્તિ જિલ્લા ફેર અવરજવર કરી શકશે નહી અને કોઈ કારણોસર જિલ્લા ફેર જવાનું થાયતો ખાસ મંજુરી લેવી પડશે તો પ્રાંતિજ પોલીસ દ્વારા ચુસ્ત પાલન કરતા કેટલાય વગર પાસ પરમીટે જિલ્લા ફેર અવરજવર કરતા નોકરીયાત અધિકારી કર્મચારીઓ અટકાવવામાં આવ્યા હતા.

હાલ કોરોનાના વાઈરસને લઈને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના પગલાં ભરવામાં આવી રહ્યા છે. ત્યારે બીજી બાજુ જિલ્લામા કોરોનાનો અન્ય પોજેટીવ કેસોમાં વધારો ના થાય તે માટે જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ દ્વારા જિલ્લામાં રહેવું સ્પસ્ટ પણે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે અને કોઈ ખાસ ઈમર્જન્સી સેવા માજ જિલ્લાભર માટે અવરજવર માટે મંજુરી આપવામાં આવશે ત્યારે હાલતો આ સુચનાઓનું ચુસ્તપણે પાલન પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઇ એમ.ડી. ચંપાવત દ્વારા કરાવવામા આવી રહ્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ પીએસાઇ બી.ડી. રાઠોડ દ્વારા મજરા તથા પ્રાંતિજ મહિલા પીએસાઇ પી.ડી. ચૌધરી દ્વારા અત્યારે આ દેહ દજાડે તેવી ગરમીમાં પણ ડયુટી ઉપર જોવા મળ્યા હતા અને જિલ્લા ફેરથી આવતા લોકો કર્મચારીઓને અધિકારીઓને ફરજના ભાગરૂપે રોકયા હતા અને જિલ્લા ફેરથી વગર પાસ પરમીટે વગર આવતા લોકોને જિલ્લામાં પ્રવેશ આપ્યો ન હતો. હાલ તો આ ભયાનક કોરોનાની મહામારી વચ્ચે અને ગરમી તડકા વચ્ચે ઉભા રહીને પ્રાંતિજ પોલીસ દ્વારા ફરજ બજાવવામાં આવી રહી છે. બીજી બાજુ જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લા ફેર નહી જવાની સુચનાનું કેટલાક અધિકારીઓ કર્મચારીઓ ઉલ્લંધન કરે છે ત્યારે તંત્ર દ્વારા આવા કર્મચારીઓ ઉપર શું એકશન લે શે એતો હવે જોવું રહ્યું.



## ધનસુરામાં કોરોનાને લઈ ભાજપ અગ્રણીઓ દ્વારા લોકો માટે જમવાની વ્યવસ્થા કરાઈ

ધનસુરા, તા. ૧૫

ધનસુરાના ભાજપ અગ્રણી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલત્તાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય દિલિપસિંહ પરમાર, નરેન્દ્રભાઈ પટેલ, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ અને અલ્પેશભાઈ પટેલ અને અન્ય ભાજપના અગ્રણીઓ અને ગ્રામજનોના સહયોગ ધ્વારા કોરોનાને લઈને લોકડાઉનમાં ધનસુરાના જનતાનગર વિસ્તાર થોરીવાસ વિસ્તારમાં રહેતા એક હજાર જેટલા લોકોની માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યમાં સેવાભાવી લોકો જોડાયા છે. કોરોનાને લઈ હાલ અનેક લોકો આગળ આવી લોકોને મદદ કરી રહ્યા છે. ત્યારે ભાજપ અગ્રણીઓ ધ્વારા ધનસુરામાં જનતાનગર, થોરીવાસ સહિતના વિસ્તારના લોકો માટે આ સેવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે જેને ગામ લોકોએ બિરદાવ્યું હતું. હાલ કોરોનાને લીધે લોકો માટે કામધંધા રોજગાર બંધ થતા રોજીરોટીનો પ્રશ્ન ઉભો થયો છે. જે લોકો રોજ કમાઈ પોતાનું ગુજરાન ચલાવે છે એવા લોકો માટે હાલ લોકડાઉનના કારણે મુશ્કેલી ઉભી થઈ છે.